# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૧/ક્વા-૨/૧૯-૨૦/૭૬૩૮–૪** **તા.૧૯–૧૧–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭૧/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **કૈલાશ જયંતિલાલ પીપળીયા** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર કૈલાશ જયંતિલાલ પીપળીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૩-૧૧-૨૦૧૯ ( બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૧૧-૨૦૧૯ ( બુધવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર કૈલાશ જયંતિલાલ પીપળીયા ગામ -નાના મવા રોડ, તેઓની અરજીના નોંધણી નં: ૭૧/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓના વીજજોડાણ ગ્રાહક ન 88603/05482/7 મા સોલાર રૂફટોપ કનેક્શન ધરાવે છે. પીજીવીસીએલ સાથે થયેલા એગ્રીમેંટ કલમ પી જી વી સી એલ વપરાશ પછીનાં વધેલા યુનિટ પર દર યુનિટે રૂ. ૩.૨૪ લેખે ખરીદશે. પરંતુ તા.૦૧-૦૫-૧૯ થી સદર યુનિટ નો ભાવ રૂ. ૨.૪૪ બીલમાં આવેલ છે. આમ- અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- નાનામવા સબડીવીઝનના અરજદાર શ્રી નરેન્દ્રકુમાર જયંતિલાલ પીપળીયા દ્વારા સોલાર રૂફટોપ સિસ્ટમના યુનિટના ભાવ અંગે આપની સમક્ષ ફરિયાદ કરેલ છે. જે અનુસંધાને જણાવવાનું કે અરજદાર શ્રી ના સોલાર રૂફટોપ નું જે એગ્રીમેન્ટ કરેલ છે તેમાં રૂ.૩.૨૪ લેખે પ્રતિ યુનિટ ખરીદીનો ભાવ જે તે સમયે જણાવેલ છે

3.૧ ત્યારબાદ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા તેમના પત્રનંબર GUVNL/COM//RE/1298/ ૨૮.૧૨.૨૦૧૮ મુજબ ઑક્ટો ૧૭ થી માર્ચ ૨૦૧૮ સુધીમાં પ્રતિ યુનિટ ભાવ રૂ.૨.૪૪ લેખે ગ્રાહકશ્રીને ચૂકવવા પાત્ર થતો હોય જે અનુસાર ત્યારપછીના બિલમાં આ પરીપત્ર મુજબ ચુક્વવામાં આવે છે. સદર ટેરીફ ચેન્જ ની સતા અત્રેની કચેરીને ન હોય સદર ટેરીફ ચેન્જ ની કાર્યવાહી વડી કચેરી દ્વારા કરવામાં આવેલ છે. જે સર્ક્યુલર ની નકલ રજુ કરેલ છે.

## :: હુકમ ::

4.0 અરજદારે કરેલ લેખીત રજુઆત મુદદા નં. ૨.૦ તથા સામાવાળાની રજુઆત મુદદા નં. ૩.૦ થી ૩.૨ મુજબ ની વિગતે અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

4.1 From available records, Forum committee has observed that one petition number 1770 / 2018 dated 27 November 2018 is filed before GERC "In the matter of petition under section 129 off the electricity act 2003 read with regulation 62 (b) of GERC (conduct of business) Regulation 2004 for seeking order through appropriate directions for securing compliances by the licensee which has contravened certain provisions contained in notification number 05 / 2016 GERC ( Net-metering Rooftop Solar PV Grid Interactive Systems) Regulation 2016 and that the net export of energy by the consumer to distribution grid during billing cycle, distribution licensee shall purchase surplus power, after giving set off against consumption during the billing period, at the APPC determined by the commission for the year in which the Rooftop Solar PV System is Commissioned over the life of the system and the other related issues"

4.2 According to GERC (CGRF and Ombudsman) Regulation 2011 notification number 2 of 2011, there are following limitations / preconditions for submission of grievances before CGRF. As per GERC Regulation 2011 notification number 2 of 2011, clause 2.30 (i) " A complainant shall not be entitled to approach the forum in case where proceedings in respect of the same matter and between the same complainant and licensee are pending before any Court, tribunal, arbitrator or any other authority or a decree or award or a final order has already been passed by any such court, tribunal, arbitrator or authority"

4.3 As per above Para no. 4.2, appeal of appellant - is hereby dismissed.

4.4 The complaint is disposed of.

| | |
|---|---|
| ( કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |